પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/2022/ 7384
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-22/06/2022

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- જુલાઈ-2022 ધોરણ-10 પૂરક પરીક્ષાના ઓનલાઇન આવેદનપત્રો ભરતા ગણિત વિષયની પસંદગી બાબત

સંદર્ભ:-

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક મસબ/1119/857/છ/ તા.14/07/2021
2. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક મસબ/1119/857/છ/ તા.02/12/2021
3. અત્રેની કચેરીના પત્રક્રમાંક મઉમશબ/સંસોધન /2021/3780-3813 તા.03/08/2021
4. અત્રેની કચેરીના પત્રક્રમાંક મઉમશબ/સંસોધન /2021/6019-55 તા.18/11/2021
5. અત્રેની કચેરીના પત્રક્રમાંક મઉમશબ/સંસોધન /2022/3733-67 તા.07/06/2022

માનનીયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ધો.10 એસ.એસ.સી. માં માર્ચ/એપ્રિલ – 2022નું ઓનલાઇન પરિણામ તા:-06/06/2022ને સોમવારના રોજ જાહેર કરવામાં આવેલ હતું. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-મશબ/1119/857/છ તા:-14/07/2021ના ઠરાવમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2021-22થી ધોરણ-10ની જાહેર પરીક્ષામાં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત એમ બે પ્રકારના વિકલ્પ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક:-મશબ/1119/857/છ તા:-02/12/2021ના ઠરાવમાં ક્રમ નંબર – (07)માં જણાવ્યા મુજબ "ધોરણ-10માં ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થી જો ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં A અથવા AB ગૃપમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તો જુલાઇ માસની પૂરક પરીક્ષા દરમ્યાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરી ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે.

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-મશબ/1119/857/છ તા:-14/07/2021ના ઠરાવમાં ક્રમ નંબર – 08માં જણાવ્યા મુજબ "ધોરણ-10માં સ્ટાન્ડર્ડ ગણિતમાં નાપાસ થનાર વિદ્યાર્થી પૂરક પરીક્ષાના નિયમોને આધિન પુન: સ્ટાન્ડર્ડ ગણિત અથવા બેઝિક ગણિત વિકલ્પ આપી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

ઉક્ત તમામ જોગવાઈઓને ધ્યાને લઇ જુલાઈ-2022ની પૂરક પરીક્ષાના ઓનલાઇન આવેદન પત્રો ભરતી વખતે નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય છે.

1. જે વિદ્યાર્થી માર્ચ/એપ્રિલ-2022 પરીક્ષામાં એક અથવા બે વિષયમાં અનઉત્તીર્ણ છે અને જે એક અથવા બે વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત (12)નો સમાવેશ થયેલો છે તે જ ઉમેદવાર ઓનલાઇન આવેદન ભરવાની પ્રક્રિયા દરમ્યાન ગણિત વિષયની પસંદગી બદલી શકે છે એટલે કે સ્ટાન્ડર્ડ ગણિતમાં અનઉત્તીર્ણ થયેલ ઉમેદવાર સ્ટાન્ડર્ડ ગણિતના બદલે બેઝિક ગણિત વિકલ્પ બદલી શકશે.
2. સ્ટાન્ડર્ડ ગણિતના બદલે બેઝિક ગણિત વિષય પસંદ કરવા માટેનો વિકલ્પ ઓનલાઇન આવેદન સમયે જ દર્શાવવાનો રહેશે. આવેદનપત્ર ઓનલાઇન ભર્યા બાદ વિષય બદલી કરી શકાશે નહીં.
3. જે વિદ્યાર્થી માર્ચ/એપ્રિલ-2022 ની પરીક્ષા બેઝિક ગણિત (18) સાથે ઉત્તીર્ણ થયા છે અને તેઓએ ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં A અથવા AB ગ્રુપમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક છે. તેવા વિદ્યાર્થી જે શાળામાંથી ધો-10ની માર્ચ-2022ની પરીક્ષાનું આવેદનપત્ર ભરેલ હોય તે જ શાળામાંથી સ્ટાન્ડર્ડ ગણિત (12) વિષય માટે પૃથ્થક (ISOLATED) ઉમેદવાર તરીકે આવેદનપત્ર ઓનલાઈન ભરી શકે છે.

ઉક્ત તમામ બાબત આપના તાબાની માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને કાર્યવાહી કરવા જણાવા વિનંતી. આવેદન કરવા માટેની વિગતવાર સૂચનાઓ ઓનલાઇન મુકવામાં આવશે.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ

પરિપત્ર : 118

ક્રમાંક:પરક્ષ/ધો.૧૦પુરક/ગણિત/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી. તા.૨૨/૦૬/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળા તમામ,
જિ.અમરેલી